ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G

# રાજ્યના ૨૦ સિનિયર આઈએએસ ઓફિસરો ૨૦૧૫ના 'વાયબ્રન્ટ-૨૦૧૫'માં નિવૃત્ત

### સચિવાલયમાં ચર્ચાનો મુખ્ય એજન્ડા : સ્પીકર અને કેબિનેટ વિસ્તરણ

## ૧૫ વર્ષના શાસન પછી મહારાષ્ટ્રના રાજકારણમાં નવો રંગ ઉમેરાશે

## નવી દિલ્હીમાં મેઈડ ઈન ગુજરાત, ગુજરાતી યોજનાઓ હિન્દીમાં ડબ

**ટાઈમ લાઈન** - ગૌતમ પુરોહિત

**રાજયના બાળકો CM થી દૂર કેમ રહે છે ...**

૨૦૧૫માં વાયબ્રન્ટ યર માં ગુજરાત સરકારના સિનિયર મોસ્ટ એવા ૨૦ સનદી ઓફિસરો વય નિવૃત્ત થઈ રહ્યાં છે જેમાં હાલના ઈન્ડસ્ટ્રીઝ ડિપાર્ટમેન્ટના એસીએસ ડી. જે. પાંડિયનનો પણ સમાવેશ થાય છે. તેમની સાથે વિવાદાસ્પદ સસ્પેન્ડેડ આઈએએસ પ્રદિપ શર્માનો પણ વારો છે. ફેબ્રુઆરીમાં કે. બી. ભટ્ટ, ભાગ્યેશ જહા, માર્ચમાં આર. આર. વરસાણી, દિલીપ રાવલ, બી. જે. ભટ્ટ, એપ્રિલમાં રાજેશ કિશોર, એચ.કે.દાસ, મે માં પી.એલ. દરબાર, ડી. જે. પાંડિયન, સી. પી. પટેલ, જૂનમાં કિશોર ડી. રાવ, પ્રદિપ શર્મા, જુલાઈમાં વી. સી. વર્મા, ઓગષ્ટમાં ગૌરીકુમાર, એચ. એન. ઠક્કર, સપ્ટેમ્બરમાં રાજીવ ટકરૂ, કે. એન. ભટ્ટ, ઓક્ટોબરમાં ઓ. રવિ અને ડિસેમ્બરમાં પીપી. હર્ષે તેમજ ડી. એ. સત્યા વય



નિવૃત્ત થઈ રહ્યાં છે. સિનિયરોની એક ફેઝ ૨૦૧૫ના વર્ષમાં નિવૃત્તિના આરે છે...

**ગુજરાતના ૧૭ પ્રોજેક્ટો દિલ્હીમાં ડબ ...**

ગુજરાત માટે ગૌરવ લેવા જેવી એક બાબત એ છે કે રાજયની ૧૭ થી વધારે યોજનાઓને કેન્દ્ર સરકારે મેઈડ ઈન ગુજરાતનો થપ્પો માર્યો છે. એટલે કે ગુજરાતમાં શરૂ થયેલી યોજનાઓને કેન્દ્ર સરકારે સ્વિકારી છે. એટલું જ નહી, ગુજરાતમાં બાર વર્ષ સુધીના શાસનમાં શરૂ થયેલી યોજનાઓને આપવામાં આવેલા નામ અને સૂત્રો હિન્દીમાં વહેતા થયા છે. લોકસભાની ચૂંટણીના સમયમાં અને શાસન શરૂ થયા પછી સૌનો સાથ સૌનો વિકાસ સૂત્ર ને હિન્દીમાં રૂપાંતરિત કરવામાં આવ્યું છે. નવી દિલ્હીમાં સબ કા સાથ સબકા વિકાસ એવું બોલાય છે. ગુજરાતમાં પોપ્યુલર બનેલી ટ્વેન્ટી ફોર બાય સેવન વીજળી હવે ભારતભરમાં આપવાનું પ્લાનિંગ ચાલે છે. નિર્મળ ગુજરાત હવે ક્લિનનેસ ઈન્ડિયા બન્યું છે. આવી ઘણી યોજનાઓ છે જેને ભારત સરકારે શરૂ કરી દીધી છે...

**રાજયના બાળકો CM થી દૂર કેમ રહે છે ...**

રાજયની છ કરોડની વસતીમાં પોણા ત્રણ કરોડથી વધારે મહિલાઓ છે. મહિલા ચીફ મિનિસ્ટરના શાસનમાં સ્ત્રી સશક્તિકરણ ઉપર વધારે ભાર મૂકવામાં આવતાં કોંગ્રેસ ચિંતાતુર છે, કારણ કે પાવરમાં વુમન છે તેથી સ્વાભાવિક છે કે ગુજરાતની મહિલાઓનું આકર્ષણ વધે, જો કે આનંદીબેન માટે નારાજગીના એક સમાચાર એવા પણ છે કે તેઓ બાળકોમાં મોદી જેટલા પોપ્યુલર બની શક્યા નથી. સચિવાલયમાં ભાજપના એક નેતાએ જ કહ્યું હતું કે` અમારા બહેન એ નરેન્દ્રભાઈ જેટલા પોપ્યુલર ભલે ન હોય તેમનો

● અનુસંધાન પાન-૭ પર

# મહાત્મા મંદિરને અનુલક્ષી વાઈબ્રન્ટ સમિટ પૂર્વે મ્યુઝિયમ બનાવી દેવાશે

### કર્વેચર બ્રિજ તેમજ સર્વિસ સેન્ટરનું કામ પણ હાથ ધરાયું : ૨૭૦ કરોડનો ખર્ચ થશે

ગાંધીનગર, તા.૧૨

મહાત્મા મંદિર ફેઈઝ-૨-બીની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે. આ કાર્યયોજના અન્વયે અંદાજિત રૂ. ૨૭૦ કરોડનો ખર્ચ કરવામાં આશે જયારે આગામી વાઈબ્રન્ટ સમિટ પૂર્વે મહાત્મા મંદિરને અનુલક્ષી મ્યુઝિયમનું કામ પૂર્ણ કરી દેવાશે.

શહેરના હાર્દસમા વિસ્તારમાં ગ-૪ થી ચ-૪ વચ્ચેના બેલ્ટમાં સ્વર્ણિમ પાર્કની યોજના આકાર લઈ રહી છે. સ્વર્ણિમ પાર્કના મહત્વાકાંક્ષી પ્રોજેકટને લઈ પ્રથમ તબક્કાની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે હાલ ઘ-૪ થી ચ-૪ વચ્ચેના વિસ્તારમાં સ્વર્ણિમ પાર્કનું કામ પ્રગતિ હેઠળ છે. જયારે આ વિસ્તારમાં મહાત્મા મંદિરનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે. મહાત્મા મંદિરને અનુલક્ષી ભવ્ય સોલ્ટ માઉન્ટ તેમજ ફૂડકોર્ટ, સ્લોપીંગ ગાર્ડન પણ બનાવવામાં આવ્યો છે જયારે મહાત્મા મંદિરને અનુલક્ષી હાલ ફેઈઝ-૨-બીની કાર્યયોજના હાથ ધરવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ફેઈઝ-૨-બીની કાર્યયોજના અન્વયે અંદાજિત રૂ. ૨૭૦ કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે જયારે આ પ્રોજેકટ અંતર્ગત મ્યુઝિયમ, સર્વિસ બિલ્ડીંગ તેમજ કર્વેચર બ્રિજનું નિર્માણ કરવામાં આવશે. હાલ સર્વિસ બિલ્ડીંગનું કામ પૂર્ણતાના આરે છે. જયારે મ્યુઝિયમનું કામ આગામી વાઈબ્રન્ટ સમિટ પૂર્વે પૂર્ણ કરી દેવાશે. જેમાં ગાંધીજીને સ્પર્શતા ઐતિહાસિક કિસ્સાઓ તેમજ તસવીરરૂપી તાદશ્ય બયાન થશે. જો કે કર્વચેર બ્રિજની કામગીરી પૂર્ણ થતા હજુ સમય લાગશે. ફેઈઝ-૨-બીની કામગીરીના અંતે સમગ્ર વિસ્તારનો નઝારો બદલાઈ જશે.

# બાલોદ્યાનને પ્લાસ્ટીક મુક્ત બનાવવા આજે સફાઈ અભિયાન

### સિવિલ ડીફેન્સના જવાનો દ્વારા આજે સવારે સફાઈ ઝુંબેશ હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૧૨

સ્વચ્છ ભારતના અભિયાન અન્વયે શહેરમાં ઠેર-ઠેર સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. કચરો હટાવી શહેરને રોચક બનાવવા સેક્ટરોમાં શેરી સફાઈ ઉપરાંત સરકારી કચેરીઓ તેમજ જાહેર સ્થળોએ પણ સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે સિવિલ ડીફેન્સના જવાનો દ્વારા ૧૩મી ઓક્ટોબરે સવારે ૭.૩૦ કલાકે સે. ૨૮ સ્થિત બાલોદ્યાનને પ્લાસ્ટિક મુક્ત કરવા સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવશે. સ્વચ્છ ભાજપના અભિયાન અન્વયે સમગ્ર શહેરમાં ગંદકી ઉલેચવા સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. સ્વચ્છ ભારત અભિયાન અન્વયે શહેરમાં સ્થિત અનેકવિધ સરકારી કચેરીઓમાં પણ સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી. જ્યારે સેક્ટરોમાં પણ સ્થાનિક અગ્રણીઓ અને રહીશો સ્વેચ્છાએ સફાઈ ઝુંબેશમાં જોડાયા હતા. ૧૩મી ઓક્ટોબરે પણ સિવિલ ડીફેન્સના જવાનો દ્વારા સે. ૨૮ બાલોદ્યાનમાંથી કચરો ઉલેચવા ઝુંબેશ હાથ ધરાશે. સિવિલ ડીફેન્સના ૧૦૦ જેટલા જવાનો સવારથી જ આ અભિયાન અન્વયે બાલોદ્યાનને પ્લાસ્ટિક મુક્ત બનાવવાના કામમાં લાગી જશે. આ તબક્કે રેસિડન્સ કલેક્ટર મોડીયા, અરૂણ બૂચ, દીક્ષિત પટેલ પણ હાજરી આપશે. એડીશનલ કલેકટરની આગેવાની હેઠળ બાલોદ્યાનને ક્લીન કરવામાં આવશે. બાલોદ્યાનની સફાઈના મામલે આમ પણ વર્ષ દરમિયાન જાળવણી થતી ન હોવાનો સૂર ઉઠવા પામ્યો છે.

## સે-૧૬માં ડોકટરોએ શેરી વળાવી સજ્જ કરી!

સે-૧૬માંપણ આજે કોમર્શિયલ વિસ્તારમાં સફાઈ અભિયાનના ભાગરૂપે શેરીઓ વાળવામાં આવી હતી સવારથી જ સે-૧૬માં સ્થિત ડોકટર હાઉસના વિસ્તારમાં ગંદકી ઉલેચવા સ્વયંભૂરીતે ડોકટરો સફાઈ કામમાં લાગી ગયા હતા. ડોકટરોએ હાથમાં સાવરણો પકડી સ્વચ્છતા જાળવવા નાગરિકોને મેસેજ આપ્યો હતો અને ડોકટર હાઉસની શેરીમાંથી કચરો ઉલેચાયો હતો.


સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના

હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...

અક્ષી

93 761 80003
93 288 9 3535
89 80 10 1515


# જૈન સોશ્યલ ગૃપના દિવાળી શોપીંગ મેળાએ મહિલાઓનો રવિવાર સુધારી દીધો

### દિવાળી ટાળે યોજાયેલ આ શોપીંગ મેળામાં વિવિધ ચીજવસ્તુઓ ખરીદવા મહિલાઓ ઉમટી પડી

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરમાં આજે સેક્ટર-૧૬ ખાતે આવેલ તિરૂપતિ બાલાજી મંદિરના હોલમાં જૈન સોશ્યલ ગૃપ દ્વારા 'દિવાળી શોપીંગ મેળા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ દિવાળી મેળામાં ગાંધીનગરની જૈન તેમજ અન્ય મહિલાઓ દ્વારા ગૃહ વ્યવસાય તરીકે તૈયાર કરવામાં આવેલી અસંખ્ય ચીજવસ્તુઓનું રાહતદરે વેચાણ કરવામાં આવ્યું હતું.

આ દિવાળી શોપીંગ મેળામાં ડ્રાયફ્રુટ્સ, નાસ્તા, પર્સ, કિચેઈન, ડ્રેસ



(તસવીર : સમીર રામી)

મટીરીયલ્સ, દિવાળીના ફેન્સી કોડિયાં, કચ્છી રાજસ્થાની ભરતવાળી ચાદરો, બેડશીટ્સ, ગીફ્ટ આર્ટિકલ્સ, કટલરી-મેકઅપની ચીજવસ્તુઓ, ઓર્નામેન્ટસ સાબુ, ઈન્સ્ટન્ટમીક્ષ, રમકડાં, પાપડ-ખાખરા-મઠીયા ઉપરાંત અનેક હેન્ડી ક્રાફ્ટ્સની ચીજવસ્તુઓનો ખજાનો ઠાલવ્યો હતો એવુ લાગતુ હતુ. આ દિવાળી મેળામાં તૈયાર નાસ્તાઓ જે ગૃહીણીઓ કે ગૃહ વ્યવસાયિક મહિલાઓ દ્વારા સાત્વિક રીતે તૈયાર કરેલા હતા જેમાં ચોળાફળી, ગાંઠીયા, મીક્ષચવાણું, સોયાબીનની આઈટમો, ઉપરાંત બેકરી આઈટમો, ચોકલેટ વિવિધ મુખવાસ વગેરેએ ભારે આકર્ષણ જમાવ્યું હતું. મુખવાસમાં આઈસ્કીમ ફલેવરના મુખવાસે મુલાકાતીઓને ખૂબ આકર્ષ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

### આઈસ્ક્રીમ ફલેવરનો મુખવાસ અને એનિમલફેટ વગરનો જૈનિજમ સાબુ જેવી અનેક નવીનત્તમ ચીજવસ્તુઓ : દિવાળી માટે રંગોળીઓ અને વિવિધ ડીઝાઈનના દિવડાંઓએ આકર્ષણ જમાવ્યુ


મંડપ
કેટરીગ
લાઈટીગ
ફલાવરીગ

89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535

રંગવાલા ડેકોરેટર્સ

ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.



GSC BANK
સ્થાપના : તા. ૦૧-૦૫-૧૯૬૦

ધી ગુજરાત સ્ટેટ કો-ઓપ. બેંક લિ.
(શીડયુલ્ડ એપેક્ષ બેંક)

: ઉદ્ઘાટન સ્થળ :
સરદાર વલ્લભભાઈ પટેલ સહકાર ભવન, શાસ્ત્રીનગર બીઆરટીએસ બસ સ્ટેન્ડ પાસે, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩



આધુનિક બેન્કીંગ તરફ
RuPay ATM કમ ડેબિટ કાર્ડ સુવિધાનો
શુભારંભ

તા. ૧૪-૧૦-૨૦૧૪ને મંગળવાર ● સમય ● સવારે ૯-૩૦ કલાકે

: ઉદ્ઘાટક :
શ્રી અમિતભાઈ શાહ રાષ્ટ્રીય અધ્યક્ષ - ભારતીય જનતા પાર્ટી

: અતિથિ વિશેષ :
શ્રી બાબુભાઈ બોખીરીયા માન.મંત્રીશ્રી, કૃષિ અને સહકાર
શ્રી શંકરભાઈ ચૌધરી માન.રા. ક.મંત્રીશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ

શાખાઓ
● રીલીફ રોડ ● શાહીબાગ
● પાલડી ● મણિનગર
● નારણપુરા ● નિકોલ
● નવા વાડજ

ટુંક સમયમાં શરૂ થનાર શાખાઓ
● વિજય ચાર રસ્તા ● આનંદનગર
● સાયન્સ સિટી ● ગોતા
● ગીફ્ટ સિટી ● ગાંધીનગર
● બોપલ રીંગ રોડ ● વસ્ત્રાલ રીંગ રોડ
● અસલાલી રીંગ રોડ ● વૈષ્ણોદેવી રીંગ રોડ
● શીલજ રીંગ રોડ ● વટવા રીંગ રોડ
● સરખેજ રીંગ રોડ

ટુંક સમયમાં ગુજરાતની ૧૮ ડીસ્ટ્રીક્ટ કો-ઓપ. બેંકોની ૧૩૦૬ શાખા સાથે ૨ લાખ ATM અને ૭ લાખ POS, ઈન્ટરનેટ બેન્કીંગ, મોબાઈલ બેન્કીંગ અને SMS બેન્કીંગની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે

બેંક એક... સુવિધા અનેક...
CTS
જ્યોતિર્ગમય અકસ્માત વીમા યોજના
લોકર્સ
આરટીજીએસ/ એનઈએફટી
જ્યોતિર્ગમય સ્વાસ્થ્ય વીમા યોજના
CSGL
સ્પીડ ક્લીયરીંગ

શ્રી શંકરભાઈ એલ. ચૌધરી
વાઈસ ચેરમેન

શ્રી અજયભાઈ એચ. પટેલ
ચેરમેન

સંચાલક મંડળ

શ્રી અમિતભાઈ એ. શાહ - ડિરેક્ટર, ધી અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો.ઓપ. બેન્ક લી.
શ્રી દિલીપભાઈ એન. સંઘાણી - ચેરમેન, ધી અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક લી.
શ્રી નટવરલાલ પી. પટેલ - ચેરમેન, ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ. માર્કેટીંગ ફેડરેશન લી.
શ્રી અરૂણસિંહ એ. રણા (એમ.એલ.એ.) - ચેરમેન, ધી ભરૂચ જીલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક લી.
શ્રી લીલાચંદભાઈ વી. પટેલ - વાઈસ ચેરમેન, ધી મહેસાણા ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો.ઓપ. બેન્ક લી.
શ્રી ડોલરરાય વી. કોટેચા - વાઈસ ચેરમેન, ધી ગુજરાત અર્બન કો.ઓપ. બેન્કસ ફેડરેશન લી.
શ્રી નાનુભાઈ વી. વાઘાણી - ચેરમેન, ધી ભાવનગર ડિસ્ટ્રીક્ટ કો.ઓપ. બેન્ક લી.
શ્રી જવાહરભાઈ પી. ચાવડા (એમ.એલ.એ.) - ડિરેક્ટર, ધી જુનાગઢ જીલ્લા સહકારી બેન્ક લી.
શ્રી અતુલભાઈ સી. પટેલ - ચેરમેન, ધી બરોડા સેન્ટ્રલ કો.ઓપ. બેન્ક લી.
શ્રી બિપિનભાઈ એન. પટેલ (ગોતા) - ડિરેક્ટર, ધી અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો.ઓપ. બેન્ક લી.
શ્રી નટવરલાલ આર. પટેલ - ચેરમેન, ધી ભાગ્યોદય કો.ઓપ. બેન્ક લી. અમદાવાદ
શ્રી બચુભાઈ એસ. પટેલ - ચેરમેન, ધી ઉમા કો.ઓપ. બેન્ક લી., બરોડા
શ્રી માવજીભાઈ એન. ગોલ - ડિરેક્ટર, ધી અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક લી.
શ્રી એમ.કે. મુદ્ગલ - ચીફ જનરલ મેનેજર, નાબાર્ડ, અમદાવાદ
શ્રી વિઠ્ઠલભાઈ એચ. રાદડીયા (એમ.પી.) - ચેરમેન, ધી રાજકોટ ડિસ્ટ્રીક્ટ કો.ઓપ. બેન્ક લી.
શ્રી ધીરૂભાઈ એ. ચાવડા - ચેરમેન, ધી ખેડા ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો.ઓપ. બેન્ક લી.
શ્રી અમિચંદભાઈ એચ. પટેલ - ચેરમેન, ધી સાબરકાંઠા ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો.ઓપ. બેન્ક લી.
શ્રી બ્રિજરાજસિંહ એચ. જાડેજા - ડિરેક્ટર, ધી જામનગર જીલ્લા સહકારી બેન્ક લી.
શ્રી દિલીપભાઈ બી. ભક્ત - ચેરમેન, ધી સુરત ડિસ્ટ્રીક્ટ કો.ઓપ. બેન્ક લી.
શ્રી જયંતિભાઈ યુ. પટેલ - ચેરમેન, ધી વલસાડ ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો.ઓપ. બેન્ક લી.
શ્રી દેવરાજભાઈ કે. ગઢવી - ચેરમેન, ધી કચ્છ ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો.ઓપ. બેન્ક લી.
શ્રી કરશનભાઈ જી. પટેલ - વાઈસ ચેરમેન, ધી ભરૂચ જીલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક લી.
શ્રી હરદેવસિંહભાઈ જે. પરમાર - ચેરમેન, ધી સુરેન્દ્રનગર ડિસ્ટ્રીક્ટ કો.ઓપ. બેન્ક લી.
શ્રી કાન્તીભાઈ એલ. પટેલ - ડિરેક્ટર, ધી ગુજરાત અર્બન કો.ઓપ. બેન્કસ ફેડરેશન લી.
શ્રી કાંતીલાલ બી. સોરઠીયા - ડિરેક્ટર, ધી અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક લી.
શ્રી એમ.એ. નરમાવાલા - સહકાર કમિશ્નર અને રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ ગુ. રા., ગાંધીનગર
શ્રી પ્રદીપભાઈ એમ. વોરા - ચીફ એક્ઝિક્યુટીવ ઓફિસર
સભાસદશ્રીઓ, સ્ટાફ તેમજ સહકારી પરિવાર


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com